Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# સમાજ ઉત્થાનમાં પાંચ દદ્દા ઓનું યોગદાન

ડો. નીલાબેન એસ. ઠાકર

આચાર્ય,

કવિશ્રી દાદ સરકારી આર્ટસ/કોમર્સ કોલેજ, પડધરી. (રાજકોટ)

યુરોપની સરખામણીમાં ભારતમાં પુનરજીવન 'રેનેસા' નો યુગ ઘણો મોડો આરંભાયો હાતો. અને યુરોપનાં કરતાં ભારતની પાર્શ્વભૂમિની ભિન્નતા તથા ‘રેનેસાં’ સમયની પરિસ્થિતિની પ્રતિકૂળતાઓ પણ ઘણી નોંધપાત્ર હતી. ભારતમાંનાં આ પુનરજીવન સાથે પશ્ચિમી-યુરોપી પ્રજાઓનાં ભારત આગમનની અને વિશેષે ભારતમાં અંગ્રેજી રાજ્ય શાસનની ઘટના તેના શુભાશુભ લક્ષણો સાથે, નિર્ણાયક પરિબળ બની હતી.

અતિ પ્રાચીનકાળથી અનેક વિદેશી પ્રજાઓએ વારંવાર ભારત પર આક્રમણો કરેલાં અને ભારતમાં અનેક પ્રજાઓ વસવા લાગેલી, આવનાર આગંતુકોને સ્વિકારી, ભેદભાવો ને ઓગાળી નાંખવાની એક અદભુત સાંસ્કારિક રાસાયણિક પ્રક્રિયા ભારતને માટે સહજ બની ગઈ હતી.

બાજી રીતે જોઈએતો એ પણ જણાયછે કે પ્રાચીન યુગ થી એટલે કે ઉપનિષદ્કાળથી આરંભી છેક મધ્યયુગનાં અંત સુધીમાં ભારતમાં જ્યારે જયારે પ્રચલીત સમાજ- રચનાનું સ્વરૂપ જડ-રૂઢ અને વિકાસ-રોધક બનવાં પામ્યું હતું. ત્યારે ત્યારે તેની અંદરથીજ નવાં ક્રાંતિકારી પરિવર્તનશીલ બળો પ્રગટ્યાં હતાં. દ્રષ્ટાંત રૂપે ઉપનિષદકાળમાં મોટાં ભાગનાં ક્ષત્રિય ઋષિઓનું નૂતન બ્રહમચિંતન, બુધ્ધ નું બંડખોર તત્વચિંતન, લોકાયતી સાંખ્ય ચાર્વાક નાસ્તિકવાદ ની જેહાદ,જ્ઞાનમાર્ગી અને ભકિતમાર્ગી સંતો અને કવિઓનાં લોકતાંત્રીક સમાનતાવાદી આંદોલનો વગેરે...

વળી, ભારતનાં ઇતિહાસની એક ત્રીજી વિશેષતા પણ નોંધપાત્ર છેં. ભારત પર વિદેશી આક્રમણો થયાં, સદીઓ લગી રાજ્યોની ઉથલ-પાથલો ચાલુ રહી. પરંતુ, ભારતવર્ષની પાયાની સમાજ-રચના આદિયુગથી મધ્યયુગનાં અંત સુધી લગભગ એવી ને એવી અને અંગ્રેજોનાં ભારત પ્રવશેનાં સમય સુધી ઘણેઅંશે અકબંધ રહી હતી. આવી અકબંધ સમાજ- રચનાનાં બે પાયાં હતાં. પહેલો પાયો વર્ણ વ્યવસ્થા અને બીજોપાયો ગ્રામ પંચાયતી લોકશાહી અને પરસ્પર સાહકારી સ્વ-પર્યાપ્ત આર્થિક રચનાઓ.

ચાતુરવર્ણન જડબેસલાખ ચોકઠામાં પ્રજાનો પ્રાણ રૂંધાઇ રહ્યો હતો. બ્રાહ્મણવર્ગની જોહૂકમીનો પાર ન હતો. તે કહે તે ધર્મ, તે લખે તે શાસ્ત્ર, તે પ્રયોજે તે ન્યાય એવી હાલત હતી. ગુણ-કર્મનાં બદલે જન્મક્ષ બ્રાહ્મણ હોવાનાં પ્રભાવી જન્મથી લઈ મરણ સુધી તમામ નાનાં-મોટાં પ્રસંગે બ્રાહમણ હસ્તક ફરજીયાત ધર્મવિધી કરવાની હોઈ એનાં વિરોધમાં કે અવકૃપામાં જીવવું જ મુશ્કેલ હતું. વળી શાસ્ત્રોનું અર્થઘટન, પોતાની રીતેકરી નવી સ્મૃતિઓ પણ રચતાં હતાં.(૧) અને ધર્મને નામે જૂની રૂઢિઓને જીવતદાન આપી નવાં નથાં વિચારો અને ગળે ટૂંપો દઈ પોતાનો સ્વાર્થ સાધતાં ભાવુક પ્રજા ધર્મને નામે, શાસ્ત્રને નામે, વધુ ને વધુ જડ બંધનોમાં પોતાની જાતને સુરક્ષિત માની ને જીવતી. વિરોધ કરનાર ઉપર આખી પ્રજાનો ખોફ ઊતરતો. એને ન્યાત- જાતથી બહિષ્કૃત કરવામાં આવતા. આવા બહિષ્કૃ સાથે સંબંધ રાખનારનું પણ આવી બનતું ક્યારેક બહિષ્કૃત થનાર પરધર્મ પણ સ્વિકારી લેતા. ધર્મનાં અનેક પંથો, પૂજા-વિધ, આચારો, આભડ છેટ,

તિલક-માળા નાં દંભ, તંત્ર-મંત્ર, જાદુઈ ઈલ્મ, ભૂત-પ્રેતનાં ધતીંગો, ફૂલ્યાં ફાલ્યાં હતાં. અસ્પૃશ્યતા, નીચી જાતિઓનો તિરસ્કાર, સ્ત્રીઓની માનહાનિ અને તાબેદારી, ફરજિયાત 'સતી', ફરજિયાત ‘વૈધવ્ય’ ઉપરાંત કુલીનગિરી (કુલિન બ્રાહ્મણોમાં અનેક પત્ની પ્રથા) દેવદાસી જેવાં અનેક દૂષણો ફેલાયેલાં હતાં.

જ્ઞાન અને અનુભવનાં દરવાજા ભીડાઈ જતાં, અને અમુક વાડામાં જ આચાર વિચાર ભરાઈ પડતાં કોઇપણ નવી શોધ, નવું જ્ઞાન, નવોવિચાર, નવી દ્રષ્ટિને માટે અવકાશ ભાગ્યે જ રહયો હતો. જૂની ઘરેડમાં નિર્માલ્યતા પ્રજા જીવનમાં પ્રવેશી ગઈ હતી. સુધારાઓ કે પ્રગતિનાં પ્રયાસો મહદંશે ચાતુરવર્ણી સમાજ-રચનાનાં ચોકઠાંની અંદર જ થતાં.

આવાં રૂઢ સમાજમાં પશ્ચિમી પ્રજાનું ભિન્ન માનસ, વ્યવહાર, આચાર-વિચારો, વ્યવહાર નો સંપર્ક પ્રબળ આઘાતરૂપ હતો. દેશની પ્રાચીન પ્રણાલી અને જીવનપધ્ધતિ, ચિંતન ઉપર ઘા થયો. બીજી બાજુ ખ્રિસ્તી ધર્મનાં

એકેશ્વરવાદ, તેનાં નૈતિકતત્વો ઉપર આકર્ષણ જાગ્યું. પશ્ચિમનાં સાહિત્ય, શિક્ષણ, ઈતિહાસ આદિએ નવી દ્રષ્ટિ ભાવના વિકસાવી. દિન-હિન પ્રજા માટે નવેસરથી રાષ્ટ્રીય-અસ્મિતા જગાડવી જરૂરી હતી. ધર્મોમાં, રીત-રિવાજોમાં, ભેદભાવોમાં પરિવર્તન થાય તોજ પ્રગતિ શકય હતી. શિક્ષણ, મંડળીઓ, સંસ્થાઓ, પુસ્તકો, વિદેશી સંપર્ક વગેરેની અનિવાર્યતા હતી. ભારતીય સુધારકો સામે નવી ક્ષિતીજ ને અનુરૂપ નવાં કાર્યક્રમો, નવાં સાધનો પડકારતાં ઊભાં હતાં. અને ભારતીય પુનરજીન નાં પુરસ્કર્તાઓએ આ કાર્યક્રમ અને સાધનો સહજ ભાવે અપનાવ્યાં.

સમન્વયનો રાહ ચીંધી જનાર ભારતીય રાષ્ટ્રીયતાનાં આદ્યપુરૂષ રાજારામ મોહનરાય હતાં. જેણે ધર્મનાં અનિષ્ટો સામે જેહાદ ચલાવી સંસાર-સુધારાનો પાકો પાયો ચણ્યો. જેથી ઇ.સ. ૧૮૨૯ માં સતી-પ્રતિબંધક કાયદો થવા પામ્યો હતો. શિક્ષણ પ્રયાસનાં ભાગરૂપે હિંદુ કોલેજ સ્થાપી. ભારતીય વિકાસની અપૂર્વ ક્ષિતીજો ઉઘાડી નાંખી હતી. ઇ.સ.૧૮૩૦માં વિદેશપ્રવાસ ખેડી ભારતીય રાષ્ટ્રીયતાનાં આદ્યપુરૂષે ભારતનાં સર્વાંગી ઉત્કર્ષનાં શ્રીગણેશ કર્યા. ઈ.સ. ૧૮૩૩માં તેમનું અવસાન થયું. તેમાં સમન્વયનાં રાહે તત્કાલ બીજાં વીરપુરૂષ આગળ આવ્યાં. જે ગુજરાતનાં સુધારાનાં આદ્યપ્રવર્તક હતાં શ્રી દુર્ગારામ મંછારામ દવે (૧૮૦૯ થી ૧૮૭૬) જે હંમેશા મહેતાજી તરીકે ઓળખાતાં. અલબત રાજારામ મોહન રાય જેટલાં વ્યાયક નહિં પણ અનેક રીતે સામર્થ્ય ધરાવનાર સુધારક તરીકે અગ્રદૂત બન્યાં.

તેમનાં જ કેવાં સુધારક- વિચારો ધરાવનાર અન્ય ચાર 'દ' નામ ઉપરથી નામ શરૂ થતું હોય તેવાં સુધારકો જેને ગુજરાતી સાહિત્યે ‘દદ્દા’ ગણાવ્યાં છે તેઓ હતાં ૧) દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી ૨) દાદોબા પાંડુરંગ ૩) દિનમણીશંકર શાસ્ત્રી અને ૪) દામોદરદાસ જે પાંચય ‘દદ્દા’ સુરતમાં સુધારક પ્રવૃતિનાં અગ્રેસર હતાં. એવાં ત્રણ ‘નેન્ના' પણ પ્રખ્યાત હતાં નર્મદાશંકર લાલશંકર દવે, નંદશંકર તુળજા શંકર મહેતા અને નવલરામ,

તેઓએ તે સમયનાં સમાજનાં લોકોને અનેક અનિષ્ટોથી બચાવવા અને તેઓની શક્તિઓનુ ભાન કરાવવા અને કુરિવાજો/ વહેમોથી દૂર રહેવાં આજીવન પ્રયાઓ કરી સાચાં અર્થમાં સુધારક તરીકેનું કામ કોરેલું. તેમાંનાં પાંચ ‘દક્ષ’ ઓની સુધારા પ્રવૃત્ત વિગતે જોઇએ તો:

**(૧) દુર્ગારામ મંછારામ દવે: (૧૮૦૯ થી ૧૮૭૬)**

ઇ.સ. ૧૮૦૯, ૨૫ ડિસેમ્બરે તેમનો જન્મ સુરતમાં થયો હતો. પિતા મંછારામ અને માતા નાનીગવરી. વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિનાં હતાં. પિતા મંછારામને જકાત ઉઘરાવવાનો ઈજારો હતો. (૨) આંઠ વર્ષની ઉંમરે તેમને આંક લખતાં વાંચતાં આવડી ગયેલાં. ૧૧માંવર્ષે માતાનું અવસાન થતાં માસીને ત્યાં રહેતાં. ૧૬ વર્ષે મુંબઈ ગયા. ઇ.સ. ૧૮૨૬માં સુરતમાં ૧૯રૂ. નાં પગારથી ‘મહેતાજી’ (શાળાનાં શિક્ષક) તરીકે આવ્યા. સુરતમાં એક વખત એમ કહેવાતું "દુર્ગારામનો - કોઈ નિશાળીયો મૂર્ખ નહિં, અને પ્રાણશંકરનો ભાગ્યહિન નહિં.” (૩) આ લોકોકિત પરથી માલુમ પડે છેકે દુર્ગારામની શિક્ષણશક્તિ વિશે લોકોમાં ઊંચો અભિપ્રાય હશે. ગુજરાતનાં મહેતાજી મુંબઈ પરીક્ષા લેવાઈ તેમાં પણ જળકી ઉઠયાં.

ઇ.સ. ૧૯૩૮ માં મહેતાજી નાં પ્રથમ પત્ની મૃત્યુ પામ્યાં. ત્યારથી તે સુધારક પ્રવૃતિ તરફ વળ્યાં. પોતાની વિધુરાવસ્થાથી તેમને વિધવા સ્ત્રીઓનાં દુ:ખ વિશે અનુભવતાં તેમણે વિધવા વિવાહનો પોકાર ઉઠાવ્યો. ચોરે-ચૌટે, બાળ-યુવાન અને વૃધ્ધ સ્ત્રીઓ તેમજ પુરૂષો પાસે છડેચોક વિધવા વિવાહનો બોધ કરવાં લાગ્યાં. અનેક ટીકાંઓ, મશ્કરીઓની પરવા કર્યા વિના વિધવા- વિવાહ ને વિશે પ્રયાસો કરતાં. પરંતુ તેમનાં વિશે શરમજનક વાત એ બની કે તેમણે પોતે. ઇ.સ. ૧૮૪૩ માં અભેગવરી કન્યા જોડે લગ્ન કર્યું. પુન: લગ્નનો ઉપદેશ નકરવાનું પત્ની પાસે કબૂલ કર્યું. તેથી તેની પત્નીનો વિજય થવાથી તેનું નામ જયાવહુ રખાયું. પોતે વિધવા-સાથે લગ્ન ન કરતાં તેનાં સુધારા નાં કામને ધક્કો લાગેલો. (૪)

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

આમછતાં તેણે અનેક ક્ષેત્રે સમાજ-ઉત્થાન વિષયક કાર્યો કરેલાં. સૂરતમાં નિશાળો શરૂ થઈ. ત્યાંનો એક પારસી નસરવાનજી ખ્રિસ્તી ધર્મ સ્વિકારતા દુર્ગારામ મહેતાજી અને રૂસ્તમજી મોદી તેમજ દાદોબા પાંડુરંગ વગેરે એ પારસીભાઇને ફરી મૂળધર્મમાં લાવી અંગ્રેજી શિક્ષણ તરફ તેની શ્રૃતિઓને વાળવાનું કામ શરૂ કર્યું. શિક્ષણ લેવા માટે સમાજને પ્રેરણા આપી સુરતમાં તેમને બીજાં દદ્દા દાદોબા પાંડુરંગ સાથે મુલાકાત થતાં તેની પ્રેરણાથી સુધારા અંગે સાથે મળી અનેક પ્રવૃતિઓ આદરી. જાતનાં પરભુ મહારાષ્ટ્રીયન દાદોબાને સરકારે ઈ. સ. ૧૮૪૨ માં પ્રથમ સ્થપાયેલી સૂરતની નિશાળનાં મુખ્ય શિક્ષક બનાવેલાં. દુર્ગારામને સુધારાનો સોબતી મદદગાર મળી ગયો. જ્યાં અન્ય ત્રણ દદ્દા સાથે મળીને સૌ પ્રથમ "પુસ્તક પ્રસારક મંડળી" રચી. અને શિલાછાપયંત્ર છાપકામ માટે મુંબઈ થી લાવ્યા. ઈ.સ.૧૮૪૪આં તેમાણે "માનવ-ધર્મસભા" સ્થાપી. જેનો ઉહેરા મનુષ્યનો ખરોધર્મ શું? તે જણાવવા અને સમજાવવાનો હતો. જાતિભેદ તોડવા, વિધવા પૂનઃલગ્ન કરાવવા, મૂર્તિપૂજનો ચાલ બંધ કરવો વગેરે વિષયો પર આ સભામાં વિચારો ચર્ચાતાં. અનેક વ્યકિતઓનાં ભાષણો ગોઠવાતાં. આ સભા નાણાવટમાં નવલશાનાં કોઠામાં મળતી. હંમેશની બેઠેકમાં આશરે ૨૦ થી ૨૫ માણસોમી હાજરી રહેતી.

વહેમ, ભુત, જાદુ, તાવિજ, દોરા-ધાગા જેવાં અવૈજ્ઞાનીક મનોવૃતિ ધરાવતાં માણસોમાં મહેતાજી જુઠ્ઠાણું સાબીત કરવામાં માહિર હતાં. ઇ.સ. ૧૯૦૧ માં માનવ ધર્મ સભાનાં દફ્તરદારની સહીથી જાહેરખબર છપાવી (કાર્તિક સુદ-૧૪) ભુત, પ્રેત, ડાકણ વગેરે ખોટાં છે. જે તેને સચાં ઠરાવે તેને રૂ.૨૦ ઇનામ અપાશે. રવિવારની ખાસ સભામાં ૪ વાગ્યે ૨૦૦ માણસો ભેગાં થયાં. ચોર, મૂઠ, અડદદાણા, લીંબુ, સિંદૂર દ્વારા કરનારાં પ્રયોગકર્તાઓને પડકાર્યા. દર શનિવારે સભા મળતી. પરંતુ દરેક રવિવારે સતત ૪ વખત આવી સાભાઓ ભરી લોકોને વહેમોમાંથી સંપૂર્ણપણે બહાર લાવવા પ્રયત્નો કર્યા ઇ.સ. ૧૮૫૩થી મહેતાજી પોતાની જીવનની ખાનગી નોંધ લખતાં. જેનું શ્રી નિલકંઠ મહિયતરામ રૂપરામે “દુર્ગારામ ચરિત્ર" વ્યક્તિચીત્ર લખ્યું. તેમાં મહેતાજીની પ્રવૃત્તિઓ સવિસ્તાર આલેખી છે.

અસ્પૃશ્યતા વિષયક તા. ૬ જુલાઇ ૧૮૪૪ માં માનવ ધર્મસભામાં મહેતાજીએ કહેલું કે માણસનાં કર્મથી માણસને અપવિત્ર ન ગણવો જોઈએ. તેનાં કર્મ ભલે મેલું ઉપાડવાનાં તે કરતો હોય પણ ઈશ્વરે માણસને જન્મ આપ્યો છે. તેને માણસ તરીકે ગણીને તેને અસ્પૃશ્યતાં નામે આભડછેટથી ધિક્કારવો ન જોઇએ. અસ્પૃશ્યતાનાં ખ્યાલો દૂર કરવાં, વ્યસનો ન કરવા વગેરે બાબતોલક્ષી તેમણે અનેક સુધારકો સાથે રહી કામ કર્યુ. રાજકોટની “વિદ્યાગુણપ્રકાશ" સભામાં અનેક સુધારકો આવતાં ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, દુર્ગારામ મહેતાજી, કરસનદાસ મૂળજી એ સભાનાં કામોમાં મદદ કરેલી. કાઠિયાવાડી સુધારક શ્રી મણિશંકર કિકાણી તેનાં સગાં થતાં જ્યાં અન્ય સુધારક ઉત્તમરામ નરભેરામ, નગીનદાસ બ્રીજ ભૂખણદાસ, જગન્નાથ ઇચ્છારામ વગેરે હતાં.

ઇ.સ. ૧૮૫૨માં દુર્ગારામની બદલી રાજકોટ મદદનીશ કેળવણી અધીકારી તરીકે થઈ. સૌરાષ્ટ્રમાં પોતાનાં વિચારોનો પ્રચારકર્યો. ઇ.સ. ૧૮૬૦માં રૂ. ૩૭-૮૦ નું પેન્શન લઈ સુરત આવ્યાં સૂરત આવી એસેસર તરીકે સુધરાઈનાં સભ્ય તરીકે અને લવાદ તરીકે કામ કરી સમાજ-સેવા કરતાં.

વિલાયત જઈ આવેલાં મહિપતરામને તેમણે પોતાને ત્યાં જમવા બોલાવેલાં તેથી તેમને ૧૨ વર્ષ ન્યાત બાર રહેવું પડ્યું (૫) છતાં પણ હિંમત હાર્યો નહિં. “ગુજરાત-મિત્ર” માં તેઓ નિયમીત લેખો લખતાં. તેમની દ્રષ્ટી તેનાં જમાનાથી આગળ વધેલી ને ક્રાંતિકારી હતી. જે ગુજરાતનાં સમાજ સુધારાનાં પિતા કહેવાયાં. તેમનું તૈલચીત્ર સૂરતનાં નગીનદાસ હોલમાં મુકાયું છે. તેમની ભાષા, વ્યક્તિત્વ જેવી ખરબચડી છતાં સરળ, સાદી તળપતી પારદર્શક હતી. ટૂંકા પણ સચોટ વાક્યો દ્વારા વક્તવ્યને સામાનાં મન પર ઠસાવવાની તેની કુશળતા નોંધપાત્ર હતી.

વળી પ્રજાનો અવાજ પૂરતાં વજન સાથે સરકારને સંભળાવવા માટે તેમણે" સૂરત પ્રજા સમાજ" નામની મંડળીની સ્થાપના કરાવી હતી. સૂરતનાં અઠવાડિક પત્ર “ગુજરાતમિત્ર” માં છેલ્લાં વર્ષોમાં નિયમીત લેખ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

લખતાં. સંગીત-શાસ્ત્રનાં શોખીન પણ હતાં. ઇ.સ. ૧૮૭૬માં સન્યાસ ગ્રહણ કર્યા. રાજા પ્રજાનાં સબંધ વિશે તેણે કહેલાં વિચારો એ હતાં કે "રાજા પોતેજ પ્રજાને દુ:ખ કરવા ઈચ્છે તો પ્રજાએ પોતાનાં હાથનું બળ રાજા ને બતાવવું જોઈએ." તે માટે મહિપતરામે નોંધેલું કે આ ભાષણ દાદોબા અને દુર્ગારામે ઇ.સ. ૧૮૪૪ નાં બદલે ઇ.સ. ૧૮૭૮ માં કર્યું હોત તો તેમને આન્દામાનમાં કાળાપાણીની સજા થાત (૬) દલપતરામે 'દુર્ગારામ મહેતા' વિષયક બુધ્ધિપ્રકાશમાં ૧૮૭૭નાં મે માસનાં અંકમાં સમગ્ર ચરિત્ર નોંધી તેમને "ઉત્તમ મહેતાજી" ગણાવ્યાં છે. તેમનાં પાસે જ્ઞાન મેળવનારાં શિષ્યો પણ તેમનાં ચીલે ચાલેલાં.

ઇ.સ. ૧૮૪૪ માં માનવધર્મસભા સ્થપાયાં પહેલાં જ દુર્ગારામ મહેતાજી એ એકલપંડે સુધારાનો જબરજસ્ત ઉપાડો લીધો. 'મિશનરી' ની જેમ ચોરે ચૌટે, ઘરે-ઘરે ફરી અથવા કોઇ ન આવે તો એકલા ફળિયામાં કે રસ્તા ઉપર ઉભા રહી રોજ અમુક હજાર શબ્દોનો ઉપદેશ કરવાનો નિયમ રાખી સુધારાનો સવાદોઢ વર્ષ લગી સંદેશ લોક હૃદય સુધી પહોંચાડયા જ કર્યો. ભૂવા-ભારાડીઓએ તેમનાં ઉપર શારીરિક હુમલો કરેલો છતાં સુધારાનો રથ અણળ ધપ્યોજ હતો. અંદરથી સહાનુભૂતિ છતાં ખુલ્લીરીતે સધિયારો શ્રી. દિનમણીશંકર શાસ્ત્રી ચોથાદદ્દા તેમને આપતાં ન હતાં આમછતાં, સભાની દરેક બેઠકોમાં શ્રી દાદોબા પંડુરંગ અને શ્રી દિનમણીશંકર કાયમ હાજર રહેતાં.

ઇ.સ. ૧૮૫૦ માં ફાર્બસ સાહેબ સુરત આવતાં. કવિ દલપતરામ તેમનાં સાથીદાર હોઈ સુરતની મિશનરી મદ્યનિષેધ સંસ્થા "પરહેજગાર" મંડળી ની સભામાં દુર્ગારામ મહેતાએ દલપતરામની કવિતાની પ્રશંસા કરી સુરતનાં નામાંકિતો પામે પણ દલપતરામને દુર્ગારામ લઈ જતાં.

ઇ.સ. ૧૮૫૦ માં સુરત સુધરાઈ કાયદો સુરતમાં લાગુ થતાં સુરત સુધરાઇ એ જકાતનાકાં નાંખતાં. પ્રજા એ બંડ ઉપાડ્યું. કવિ દલપતરામ અને દુર્ગારામ મહેતાજી શેરીએ શેરીએ ફરી ભાષણો કરતાં. અંતે પોતાની

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

તરફેણમાં કાયદો કબૂલાવરાવ્યો અને લોકમતને વાળ્યો. (૮)તેમની સુધારાની પ્રવૃતિનાં અનેક પ્રેરક પરિબળો હતાં. જેમકે,

- સુરત ની સામાજીક સ્થિતિ.

- મુંબઈની તત્કાલિન પ્રવૃતિની અસર.

- બંગાળનાં સુધારાની અસર.

- સમકાલિન સુધારકોની અસર.

- સુધારકોનો સાથ-સહકાર.

### (૨) દાદોબા પાંડુરંગ (૧૮૧૯-૧૮૮૨)

જન્મે મરાઠી હોવા ઉપરાંત તેમની સુધારક પ્રવૃતિ પશ્ચિમ ભારતનાં ગુજરાતનાં સુરતમાં વિશેષ હતી. તેમજ અન્ય સુધારકોની ટુકડીનાં દસ્તામાં હોઈ તેમને પશ્ચિમ ભારતનાં મહારાષ્ટ્ર વિસ્તારનાં હોઈ અહીં તેમનું સ્થાન ન મૂલવવાંમાં આવે તો તે અસ્થાને ગણાય.

ગુજરાતનાં સુધારાનાં અગ્રેસર દુર્ગારામનાં પ્રેરક અને “કૈર્તબગાર જોડીદાર” દાદોબા પાંડુરંગ હતાં. વિદ્યાભ્યાસ પૂર્ણ કરી ઇ.સ. ૧૮૩૫ માં તેઓ મુંબઈમાં આસિસ્ટંટ શિક્ષક બન્યાં ઇ.સ. ૧૮૩૬ માં તેમણે જાવરાનો પ્રવાસ ખેડયો. ૮ થી ૯ માસ એલ્ફિન્સ્ટન ઈન્સ્ટીટ્યુટમાં શિક્ષણ કાર્ય કર્યું. ઈ. સ. ૧૮૪૦/૪૧ સુરત આવેલાં. ત્યાં સુધી સુધારાની કોઈ સીધી પ્રવૃતિમાં પડયાં ન હતાં કે કોઇ સંસ્થા સાથે સુધારા અંગે સંબંધ ધરાવતાં નહિ. ઈ.સ. ૧૮૪૬ માં નોર્મલ કલાસનાં ડિરેકટર જાંબેકર બાળશાસ્ત્રી નું અવસાન થતાં તેમની જગ્યાએ દાદોબા પાંડુરંગ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ની નિમણૂંક થતાં તેઓ સુરત છોડી મુંબઈ ગયાં. બાદ પણ તત્કાલ કોઈ સુધારાપ્રવૃતિ આદરી ન હતી.

ઇ. સ. ૧૮૪૯ માં સપ્ટેમ્બરમાં મુંબઈમાં "જ્ઞાન પ્રચારક મંડળી" સ્થપાઈ. (તેમની ગુજરાતી, મરાઠી બે શાખા હતી.) મરાઠી વિભાગનાં અધ્યક્ષે થોડો સમય રહ્યાં.

તેઓ ઇ.સ. ૧૮૪૧ માં સુરતમાં આવ્યા ત્યારે ઇ.સ. ૧૮૪૨માં 'પુસ્તક પ્રસારક મંડળી' શિલાછાપ પ્રેસ અને ઇસ. ૧૮૪૪ થી તા. ૨૨ જૂને સ્થપાયેલી માનવધર્મ સભા વગેરે કાર્યો આરંભાયેલાં ત્યારે દાદોબા ધર્મસભાનાં પ્રમુખપદે રાહયાં હતા (૯) અને દુર્ગારામ તેનાં મંત્રી પદે હતાં. સુચીનાં અંગ્રેજી શાળામાં પ્રિન્સીપાલ, મરાઠી વિદ્વાન, સંસ્કૃત ભાષાનું જ્ઞાન દિનમણી શંકર શાસ્ત્રીનાં શિષ્ય યસેશ્વર શાસ્ત્રી પાસેથી લીધું. દરમ્યાન તેમને દુર્ગારામનો સાથે- સહકાર મળ્યો. સુધારાનાં બોધમાં તેઓ જોડાતા. સભાની દરેક બેઠકોમાં હાજરી આપતાં. વિચાર- વિનીમયમાં ભાગ લેતાં. ખ્રિસ્તી બનનાર પારસી નસરવાનજી ને ધર્મમાં પાછો લાવવામાં કાર્યમાં પણ દાદોબા મહેતાજી સાથે હતાં.

પોતાનાં આત્મવૃતાંત માં દાદોબા નોંધે છે કે "મારા સુરતમાં આવતાં પૂર્વે ૧૦/૧૨ વર્ષથી મહેતાજીએ સુરતમાં સુધારાનું કામ શરૂ કરી દીધેલું (૧૮૨૮-૩૦). (૧૦)

બ્રહ્મસમાજમાં સિધ્ધાંતનાં ધોરણ ઉપર દાદોબા પાંડુરંગે "પારહંસિક બ્રહ્મસમાજ" નામનું ચોપાનીયું તૈયાર કર્યું હતું. તેમાં તેમણે કહેલું કોઈ એક જ ધર્મ ઈશ્વરે બક્ષેલો નથી. કોઈ એક જ ધર્મગ્રંથ ઇશ્વર પ્રણિત નથી. અને તે સંબંધી નીચેનાં મુદ્દાઓને આવરી લઈ ચોપાનીયામાં લખાણો લખતાં.

(1) ઈશ્વરભક્તિ અને ભૂતધ્યા (૨) આચાર (૩) ઉપનયન (૪) વિવાહ (૫) ઉતરક્રિયા (૬) ભક્ષ્યા ભક્ષ્ય (૭) શુધ્ધા શુધ્ધ પાપપુણ્ય (૮) દૈવિક ગ્રંથો મહદવાક્યો (૯) ધર્મખંડ (૧૦) દાંભિક આચાર વગેરે.

તેમનું પરમહંસ મંડળીનું મુખ્ય વલણ જાતિભેદ તોડવા પ્રતિ વિશેષ હતું. નવાં સભાસદ થનાર પાસે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવતી કે “તે જ્ઞાતિભેદમાં માનશે નહિં તેમ ધાર્મિક વહેમો, મૂર્તિપૂજાનો ત્યાગ કરશે” તેની ખાતરી માટે પાંઉ-રોટીનાં ટુકડાં સભાસદોને આપવામાં આવતાં તે સૌ સાથે બેસીને ખાતાં. પ્રાર્થના સમાજનો ઈતિહાસનાં પાના નં ૧૮ ઉપર આ વિગતો આપે છે. પરમહંસ મંડળીનાં સભ્યો સંસ્થા સ્થાપવા અભિપ્રાય ધરાવતાં તેમની પ્રાથમીક સભા તા. ૧૭ ડિસેમ્બર ૧૮૬૬ નાં રોજ ડૉ. આત્મારામ પાંડુરંગનાં ઘરે મળી તેમાં. જ્ઞાતિભેદ અનિષ્ટ ગણવી, વિધવા વિવાહ ઉતેજન આપવું, સ્ત્રી - શિક્ષણની મદદ કરવી, બાળલગ્ન અટકાવવા, લગ્ન વય વધારવી જેવાં સામાજીક સુધારા સમજાવવા પ્રધાન સ્થાન આપવા તા. ૩૧ માર્ચ ૧૮૬૭ નાં રોજ પાપ મોચિની એકાદશીનાં દિવસે પ્રાર્થના સમાજ ની શરૂઆત કરી. 'સુધારાનાં ઉદ્દેશો પાર પાડવા ઝુંબેશ શરૂ કરી. જ્ઞાનપ્રચાર અને સુધારા માટે ૧૮૫૧ માં મુંબઈમાં બુધ્ધિવર્ધક સભા સ્થપાઇ, તત્વ શોધક સભા સ્થપાઈ. ઇ.સ. ૧૮૬૦માં વહેમો દૂર કરવા અને શિક્ષણ મેળવવા સભા દ્વારા પ્રેરણા આપી, એકેશ્વરવાદનો અંગિકાર કરવા, નાત-જાતનાં બંધનો તોડવાનો ઉપદેશ કરી ગુજરાતમાં પણ તેને જુદે-જુદે સ્થળોએ પહોંચાડવા અભિયાન આદર્યું.

આમ, પશ્ચિમ ભારતનાં મુંબઈમાં અને સુરતમાં તેમનું કાર્યક્ષેત્ર ખીલી ઉઠેલું. સૂરત ની માનવધર્મસભા અને અમદાવાદની ધર્મસભા સ્થાપવાનું વાતાવરણ જ દાદોબાએ ઊભું કરેલું છે (૧૧) દુર્ગારામની સુધારણા પ્રવૃતિ આગળ વધારવામાં મોટાં પ્રેરણાબળ દાદોબા પાંડુરંગ હતાં. તેમ દુર્ગારામ ચરિત્ર વાંચતાં અચૂક લાગે છે.

કેળવણી અને સમાજ સુધારવાનો પ્રારંભ મુંબઈથી શરૂ થઈ સુરત, અમદાવાદ, કાઠિયાવાડ, કચ્છ સુધી પણ વિસ્તરેલો. મુંબઈ કસ્ટમ ખાતાંની નોકરીને કારણે (૧૮૪૯ થી ૧૮૫૧) પરમહંસ સભા તેમનાં પ્રયાસોથી થઈ શકેલી. ઇ.સ. ૧૮૬૫ માં શેરમેનિયામાં ફસાતાં પૈસાની તંગીમાં આવી પડતાં તેઓ રજવાડાંની નોકરી માટે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પ્રયાસ કરવા પાછળ રોકાયાં હતાં. અને જ્ઞાનોપાસના ગ્રંથલેખન પ્રવૃત્તિમાં પડયાં. સુધારાનાં સીધાંકાર્યોમાં રહ્યા ન હતા. સુરતની માનવધર્મસભા મુંબઈ કરતાં જૂની હતી. તેથી પ્રાર્થના ગવાતી તે દાદોબા એ સુરત નિવાસ દરમ્યાન લખેલી.

## (3) દલપતરામ ડાહ્યાભાઇ ત્રવાડી (ત્રિવેદી) (૧૮૨૦ થી ૧૮૯૮)

ઈ.સ. ૧૮૨૦નાં ૨૪મી જાન્યુઆરીએ વઢવાણમાં તેનો જન્મ થયો. પિતા ડાહ્યાભાઈ કર્મકાંડ નાં વ્યવસાયી હતા. જેને ‘ડાહ્યા વેદિયા’ થી ઓળખવામાં આવતા. માતાનું નામ અમૃતબા હતું. નાનપણથી સંસ્કૃત શ્લોકો, આંક, પલાંખા લખવાની રીતોમાં પોતાની પદ્યાત્મક શૈલીથી યાદ રાખતાં. ઊખાણાં, જોડકણાં અને હડુલા જોડવાની તેની કુશળતા હતી. કવિશ્રી ન્હાનાલાલે દલપત ચરિતમાં હડુલો એટલે હુકુડુકુ ગોળાની જેમ છૂટે તેવી વાણી તરીકે તેને ઓળખાવેલ છે. તેને ન હોય મ્હોં કે ન હોય માથું, અન્ત્યાનુપાસ મળે પાદપૂર્તિ સચોટ સચવાય કલ્પનાને ધમધમ કરતી જગાડે તે હડુલો (૧૨) ઉદારણ તરીકે.

છાયાં એટલાં છાપરાં ને માળ્યાં એટલાં ઘર;

ભોજો ભગત તમે એમ ભણે જે વાંઢા એટલાંવર.

પ્રસંગોપાત પણ આવી રચનાઓ ઘડી કાઢતાં. પત્ની દયણું દળતાં હતાં. લોકો પાણી ખૂંદતાં હતાં. છાપરે કાગડો બેઠો એ પોતે માંચીએ બેઠેલા તે પરથી જોડી કાઢયું.

સાગ ઉપર કાગ બેઠો, રથે બેઠા રાણી

બંદા બેઠાં માંચીએ ને દુનિયા દહોળે પાણી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

વાર્તાઓ રચતા. સહજાનંદ સ્વામીને ગઢડામાં પ્રત્યક્ષ જોઈને સ્વામી પંથી ન થવાનું કહી મામા સાથે મૂળી જતાં પંથની દીક્ષા લઈ પાછાં ફર્યા. સ્વામી ભૂમાનંદે તેમને મનનું સમાધાન કરી ગૃહસ્થી નાં વર્તમાનની દીક્ષા આપી. છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર અને ભાષાનાં ગ્રંથોનો અભ્યાસ કર્યો. વ્રજભાષામાં જ્ઞાનચાતુરી, કાવ્યચાતુરી લખ્યા. ઇ.સ. ૧૮૪૫નાં વયનાં અરસામાં વિદ્યાપ્રેમી અંગ્રેજ અધિકારી એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સનાં સંપર્કમાં આવ્યા- તેને ભાષા સાહિત્ય, ઇતિહાસ અભ્યાસ કરવો હતો. તેને પૂછેલાં પ્રશ્નોનાં યોગ્ય ઉતરો આપતાં કવિને ‘કવિશ્વર’ બિરૂદ આપ્યું. માસિક ૨૦ રૂ. નાં પગારથી નોકરીએ રાખ્યાં.

ફોર્બ્સ સાહેબ સાથે સૌરાષ્ટ્ર ગુજરાતમાં ફરીફરીને ઇતિહાસ કથા, લેખો, હસ્તપ્રતો, દસ્તાવેજો મેળવી આપતાં ‘રાસમાળા’ ગ્રંથનું સર્જન શક્ય બન્યું. દલપતરામની સહાયથી અમદાવાદમાં ગુજરાત વર્નાકયુલર સોસાયટી ની સ્થાપના થઈ. ૧૮૪૮ માં સોસાયટી દ્વારા નિબંધ સ્પર્ધા યોજાતી. દલપતરામે ભૂત્તનિબંધ લખ્યો. તેમાં શ્રેષ્ઠ સાબિત થયા. કન્યાશાળાઓ સ્થપાઈ. ‘વરતમાન' અને 'બુધ્ધિપ્રકાશ’ ૧૮૫૦માં ચોપાનિયાં રૂપે શરૂ થયું. જે સવા વર્ષ બાદ બંધ પડેલું. ૧૮૫૪માં ફોર્બ્સ ૩વર્ષ વિલાયત જતાં ૧૮૫૫ ની ૧લી જૂનથી દલપતરામ સોસાયટીમાં જોડાયા. ઇ.સ. ૧૮૭૯ સુધી ૨૫વર્ષ સોસાયટીમાં રહીને સમાજ અને સાહિત્ય ની સેવા કરી. ફરી બુધ્ધિપ્રકાશ શરૂ કર્યું. દુનિયામે જાદુ મંત્ર તંત્ર થી દૂર કરવા મંત્ર સાચાં સાબિત કરનાર ને માટે ૧૦૦રૂ. નું ઈનામ જાહેર કર્યું.

સોસાયટી એ દલપતરામને શૈક્ષણિક, સામાજિક સાહિત્યિક પ્રવૃતિ માટે મોકળાશ પૂરી પાડી. સોસાયટી નાં કેટલાંક દૂષણો દૂર કરી, ઇ.સ. ૧૮૪૯માં છોકરીઓની નિશાળ સ્થાપી જે ૧૮૫૮માં હરકુંવર શેઠાણીની સહાયથી વિકસીત બની. ૧૮૫૮માં 'શેઠાણી હરકુંવર કન્યાશાળા' નામથી ટંકશાળમાં નવાંમકાનમાં શરૂ કરાઈ. બુધ્ધિપ્રકાશમાં અનેક લેખો, ગીતો, ગરબીઓ દ્વારા દેશ ઘડતર કર્યું બુધ્ધિપ્રકાશમાં એકરૂપ બની રહ્યાં.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સુધારક દલપતરામ : -**

દલપતરામે અંગ્રેજી રાજયને દેશસુધારણા માટે કલ્યાણરાજ્ય ગણ્યું. પ્રશસ્તિઓ પણ લખી. વ્યક્તિ પૂજામાં પણ સરયાં. રાજ્યનાં વર્ષાસનો, પારિતોષિકો મેળવ્યા.

સુરત ફાર્બસ સાથે જતાં સુધારાનું કાર્ય ઉત્સાહથી જમાવ્યું. દુર્ગારામ મહેતા સાથે મૈત્રી થઈ. સુરતમાં સુધરાઈનાં વેરા સામે રોષે ભરાયેલાં લોકો ને જોઈ શેરીએ શેરી ધૂમી લોક-ચળવળ જગાવી. સુધારા પ્રવૃત્તિ માટે કેફવરોધી ગરબીઓ, હુન્નર ખાનની ચડાઈ રચ્યાં. મહિપતરામ સુરત હતાં. તેમણે દલપતરામને ઓળખ્યા. અહીં પુસ્તકાલય પ્રવૃતિ આરંભી. 'વેન ચરિત્ર' માં વિધવા વિવાહનો વિષય ચર્ચ્યો. અનેક વર્ષો સુધારાનો બોધ ગુજરાતી પ્રજાને આપ્યો. દેશવ્યાપી કુધારા આ રીતે વર્ણવ્યા.

ગામમાં કુધારો, કૈંક નામમાં કુધારો,

કૈંક કામ માં કુધારો કોટી કષ્ટ કરનારો છે.

ન્હાવામાં કુધારો ખાવું ખાવામાં કુધારો;

ગીત ગાવામાં કુધારો છે તે કહો શો સારો છે?

વીવામાં કુધારો પાણી પવામાં કુધારો દીસે

દીવામાં કુધારો નકી જાણો જે નઠારો છે.

કહે દલપતરામ ઠરી રહ્યો ઠામ ઠામ

ક્યાંથી ક્યાંથી કાઢીયે જયાં ધારું ત્યાં કુધારો છે.

દલપતરામે રમૂજી શૈલી રચી 'વેનચરિત્ર' માં પુન:લગ્નબંધ કરાવ્યું ત્યારે કાવ્ય રચેલું. તેમજ ભોળાજનોને ભમાવનાર ઢોંગી જોશી ઓની ઝાટકણી કાઢતાં "દૈવજ્ઞ દર્પણ" માં પણ આ અંગે કવિત રચેલાં. ગણિકા, જ્યોતિષીઓ માંથી છુટવા લખ્યું. દલપત કાવ્ય ભાગ ૧ નું ચોથું પ્રકરણ "સંસ્થાન સુધારા વિશે" વિવિધ પ્રવૃતિથી આવરી લઈ રચ્યું.

સુધારો રાબ્દ તેઓ વિશાળ અર્થમાં સમજતાં સામાજીક, રાજકીય વ્યવસ્થા સુધારવી, હુન્નર ઉદ્યોગોને વધારવા, રેલ્વે,છાપખાનાં દાખલ કરવા વગેરે હતા. સંસ્કૃતિ સુધારો એટલે ઉત્ક્રાંતિ જેવો વિશાળ અર્થ તેઓ કરતાં. સ્વદેશાભિમાન, હુન્નરો, યંત્રો, સંપ રાખવો, સ્ત્રી કેળવણી, વિલાયત જવું બાળલગ્ન ત્યજવા, વહેમ છોડવા, ખોટા રિવાજો નાબૂદ કરવાં વગેરે વિશે લખાણો, ભાષણો દ્વારા 'ધીરેધીરે સુધારાનો સાર' સૂત્ર અપનાવેલું. અંત્યજો ની વેઠાવિશે 'અંગ્રેજી રાજયપ્રકરણ' અંતર્ગત ફાબર્સ વિલાસમાં આર્થિક સુધારાનાં વિચારો વાંચતાં તેનાં વર્ણનો પણ આજે જ કહ્યા હોય તેવું લાગે છે. 'ગુજરાતી હિંદુઓની સ્થિતિ લાંબો અંક રચી ઈનામ મેળવેલું. એવાં તો વિધવાવિવાહ અને અનેક નિબંધોમાં વિજેતા બનેલાં.

પરદેશ જનારાં માટે અનેક ધર્મશાળાઓ બાંધવી એવી શ્રીમંતોને ભલામણ કરે. ગુપ્ત મંડળો યોજવાની વાળ કરે. પરજ્ઞાતિ ભોજનોને હિમાયત કરે. કાઠિયાવાડમાં જુનાગઢમાં 'બાળ જ્ઞાનોદય' સભા હતી. તે જોઇ કાવ્યો રચી સંસ્થાને પ્રેરણા આપતા હોય વાચન માળાની કવિતાઓ દ્વારા સંસાર સુધારાનું કાર્ય આગળ વધારતાં. હિંદુ, મુસ્લિમ, પારસી અને સર્વકોમનાં સમાજસેવી કવિશ્વર બની રહેલાં. દેશ સેવક હોવા છતાં નર્મદ ની જેમ ઉડીને આંખે નથી વળગતાં.

દાખે દલપતરામ ખુદાવંદ ખંડેરાવ

રૂડી ગુજરાતી વાણી રાણીનો વડીલ છું.

એમ કહી વિવેચના માં જાણવા મળે છે કે શાહી કાનોને સમજાવવા ‘ખુદાવંદ ખંડેરાવ’ નાં દરબારને ઝડઝમકથી વર્ણવવો પડે તો તેમાં શું?

પ્રજાનાં દુઃખવર્ણન સામે અંગ્રેજો નાં કાયદાની ટીકા પણ તેમણે કરેલી છે.

કાયદાની કલમો ને આકર અનેકે થયા,

નિર્ણય ન તેથી સમજી શકાય ન્યાયનો;

કાયદામાં શબ્દ પણ એવાં તો કઠણ છે કે

મોટાં મોટાં વડીલો ન જાણી શકે માયનો;

વેદનાં વચન વિશે ઉપજે અનેક અર્થ,

એવો કાયદો છે આજ અંગ્રેજ રાજનો (૧૪)

બાળકવિતાઓ દ્વારા બાળપણમાં જ તેને સંસ્કારોથી ઘડવાઅનેક કૃતિઓ રચેલી. જે આજે પણ એટલીજ પ્રખ્યાત છે. તેમાં ઊંટ, શિયાળ, હજામ, શરણાઈવાળો, ગુજરાતી ભાષાની અદકેરી મિરાત બનીગઈ તે નાનીસૂની વાત નગણાય.

‘ઊંટ’ માં અન્યનું તો એક વાંકુ આપનાં અઢાર છે. અને 'શરણાઈવાળો' માં

પોલું છે તે બોલ્યું તેમાં કરી તે શી કારીગરી,

સાંબેલુ બજાવે તો હું જાણું કે તું શાણો છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

આમ કંજુસ શેઠ વિશે વર્ણન કરાવી વેધક કટાક્ષ કરે છે. વિનોદવૃતિ વાળી સર્જકતા ધરાવનાર કવિ નાં અનેક પાસાંઓ હતાં. ગરબીઓમાં કુલણજીની ગરબી વધુ પ્રખ્યાત હતી. સુધારાઅંગે જોઇએ તો..

સજન! સંભળાવજો

ધીરે ધીરે સુધારાનો સાર

લાખો કીડી પર લાડવો આખો મેલિયે તો મરી જાય,

ભભરાવિયે તો તે ખાસી રીતેથી ખાય.

માંકાડા લઈને માનવી બેઠો નાવમાં દઈને નૂર,

ભડકાવે તો તે અભાગિયાં પડે રદી પાણીને પૂર.

જે સમજે જેવી રીતથી તેને પણ સમજાવિયે તેમ,

બહેરો તો સમજે સાનમાં, ત્યારે કરિયે લવારોકેમ?

બાળક આગળ બોલિયે ત્યારે બનિયે બાળક રૂપ,

ભૂ, બાઉ, તાતા ભાખિયે, ભલે હોઈએ ભણેલા ભૂપ.

સજ્જન ને મન શુધ્ધ છે. પાન વિશ્વે વિરૂધ વિચાર,

બહુ જણમાં નહિ બોલિયે, જેથી ઊપજે ઉપાધિ અપાર.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

તેની સમગ્ર જીવન કાર્ય ની મનોદશા સુધારા સાથે અહીં જાતિ બોધ દ્વારા જાણી શકાય છે. સારાં ચારિત્ર્ય, શેરબજાર વિશે પણ તેમણે લખી લખીને પ્રેરણા આપીને લોકોને સજાવ્યાં છે. 'સુધારાની ચઢાઈની ગરબી' પણ રચી જેમકે....

સુધારો રાણો રણમાં ચડયોરે, ફાવે તેવી લઈને ફોજ...

ફાર્બસનાં અવસાન થી ફાર્બસવિરહ (૧૮૪૮ થી ૧૮૫૬ સુધી નુ વર્ણન) વેનચરિત્ર સુધારાપુરાણ રચ્યું. વિધવા વિવાહ પ્રશ્ન પરત્વે બ્રાહ્મણો- વેનરાજા વચ્ચે રાણી સાથે દલીલો કરાવી પુન:લગ્ન તરફેણ કરી ૧૮૫૦ માં ભૂતનિબંધ, ૧૮૫૧ માં જ્ઞાતિ નિબંધ, ૧૮૫૪ માં બાળવિવાહ નિબંધ, ૧૮૭૩ માં દૈવરી દર્પણ, ૧૮૫૧ લક્ષ્મી નાટક,૧૮૭૦ માં મિથ્યાભિમાન, ૧૮૫૬ માં સ્ત્રી સંભાષણ, ૧૮૭૦ માં તાર્કિકબોધ અનેક લખાણો દ્વારા સમાજ સુધારા અંગેની પ્રવૃતિઓ જોઇ શકાય છે. તેમનાં વિશે સોસાયટીનું લખો કે બુધ્ધિપ્રકાશનું, ગરબીઓનું લખોકે ભાષણોનું છતાં પણ ઓછું વર્ણન થયું તેમ લાગશે. પ્રસ્તુત નિબંધ ની મર્યાદા જોતાં કેટલાંક ઉલ્લેખો જ કરી વિરમવું પડે છે.

## (૪) દિનમણીશંકર શાસ્ત્રી અને દામોદરદાસ શેઠ.

દિનમણીશંકર શાસ્ત્રી ઉચ્ચકક્ષાનાં પંડિત શાસ્ત્રી હતાં. ખુલ્લી રીતે સુધારામાં ઝંપલાવવા તૈયાર નહોવા ઉપરાંત, દુર્ગારામનાં મિત્ર-સાથી તરીકે તેમની સતત પાછળ-પાછળ ચાલેલા જોઈ શકાય છે. મહેતાજી અનેકવાર, વિધવાને પુનરલગ્ન કરી લેવાનાં ઉપદેશવાળા કિસ્સામાંય તથા બનાવટી શાસ્ત્રોનાં લખનારા પાસેય ચર્ચા કરવાનાં પ્રસંગે તેમને પોતાની સાથે લઈને જતાં હતાં. પાછળથી તેઓ દુર્ગારામનાં ટેકેદાર ન રહ્યા હતાં. તેમ પણ જાણાય છે. બલ્કે, તેઓ મહિપતરામ પરદેશથી પાછા ફર્યા બાદ, પાછળથી તેમણે પ્રાયશ્ચિત કર્યાં છતાંય

તેમને ન્યાતમાં દાખલ ન કરવાનાં આગ્રહી જૂનવાણી ઓમાં દિનમણીશંકર મુખ્ય હતાં.

પાંચદદ્દાઓ એ ૧૮૪૨ સુધારાને વેગ આપવા મુંબઈથી શીલા- છાપખાનું (લિથોપ્રેસ) મંગાવી વસાવ્યું. ત્યાંનાં અમલદારે પરવાનની નહોતી આપી-છાપું જાકળે તો અમલદારો કૃત્યોની પણ જાહેર ચર્ચા થાય એ ભયેએથી સુરત શહેરની સરહદ બહાર કતારગામનાં દરવાજા આગળ મકાન ભાડે રાખી તેમાં છાપયંત્રો વસાવ્યાં. પાછળથી તે છાપખાળું શહેરમાં આણ્યું છાપખાનામાં શું શું છપાયું તેની માહિતી ઉપલબ્ધ નથી પણ તે પછી સ્થપાયેલી 'માનવધર્મસભા' દ્વારા આંદોલનની પત્રિકાઓ છપાઈ તે અહીં છપાતી. તેનાં બન્ને દદ્દા સાથ આપતાં ૧૮૪૩માં ૧૦ ફેબ્રુ. ૬ જણાએ ભેગાં મળી વ્યવસ્થિત મંડળીનાં નિયમો વિચાર્યા અને સભા સ્થપાયા બાદ દર અઠવાડિયે. પખવાડીયે બેઠકો મારફત ઈશ્વર, જીવ, આત્મા એકેશ્વર, આત્મકલ્યાણ ગ્રહણ જોષ, મૂર્તિપૂજા, મૃત્યુ પછીની દશા, ગુરૂ, શ્રાધ્ધ, મુહુર્ત, જન્મપત્રિકા હજાર પ્રકારનાં વહેમો વિષયક ચર્ચાઓ ભાષણોમાં પાંચેય હાજર રહેતાં.

દમોદર શેઠ સુધારા પ્રત્યેની સર્વ સાધારણ પણે સહાનુભૂતિ નજરે પડે છે. પરંતુ, તેમની ખાસ નોંધ લેવાઈ નથી. કેટલીક જગ્યાએ તો દામોદર શેઠ નાં સ્થાને દોલતરામ વકિલ હોવા વિશે પાંચમાં દદ્દા વિશે શંકા કરાઈ છે. લલિતાનન્દકૃત "સૌભાગ્ય રત્ન" છેલ્લા દદ્દાને દામોદર શેઠને બદલે દોલતરામ વકિલ નું નામ આપે છે.(૧૫)

સુધારા વિરૂધ્ધ પોકાર પણ થયો હતો. સુધારાની પ્રવૃતિ તથા ભવિષ્ય વિશે કહેવાતું કે સુધારાએ ઘણાનાં મન દોદેરાં કીધાં કેટલાંક ને ફટાડ્યાં. સુધારા વિરૂધ્ધ લડત ચલાવનારા ની નોંધ 'સુબોધ ચિંતામણી' માં વલ્લભદાસ પોપટભાઈએ લીધી

નર્મદ, મનસુખ મણિ, ગટુલાલા ગુજરાતી,

ગોવર્ધન વળી ગુપ્ત લડે, થઇ રક્ષક સાથી,

તેથી સુધારો થયો જરા જખમી મુંબઇમાં

રક્ષક મત બળવાન બન્યો, ઘુમ્યો નડીયાદ સુરતમાં (૧૬)

સુધારા કાર્ય મંદ પડવાનાં ઘણાં કારણો હતાં. દુનિયાથી અજ્ઞાન, દેશી વિદ્યાર્થી અજાણ્યા, અભિમાનની મૂર્તિ જેવાં જુવાનિયાંએ તેમાં દાખલ થયા, ધર્મમંડન, મદ્યપાન આચરી આબરૂ ખોઈ તેમ નવલરામે નોંધ્યું છે.

અમદાવાદી ટાહેલાં ખોર જાતિખરી પણડોળપણખરો ગુજરાતી સારૂ ભણેલાં પણ કુવાનાં ડેડકા સ્ટેશનરી ખધા સુરતી ભરૂચી સ્વચ્છંદી જાતિનોબંધ કે લાજ નહિં. સાધારણ અંગ્રેજી ભણેલાં રસલીન, પ્રેમાળ, ઇર્ષાખોર, પતરાજી, વ્યભિચાર, છોકરાપણુ પોશાકની વિચિત્રતા

રાજકીય જાગૃતિ સુધારા મંદ પડવાનું બીજું કારણ હતું. સંસાર સુધારા ને બદલ રાજકીય પ્રવૃતિની ત્યારે વધુ જરૂર હતી. લિટનનાં અન્યાયો, રાજકીય કાયદાઓ, હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના વગેરેથી સમાજ, રાજ્ય બંને ક્ષેત્રનાં સુધારા જરૂરી હતાં. કેટલાંક પરદેશીઓની વનરશાહી નકલ કરતાં. પરનિંદા, સ્વવખાણથી લખાણો લખતાં.

સુધારા હિલચાલની અસર પ્રજા પર ઓછી થઈ કારણ એતિહાસ્મક પધ્ધતિની ખામી પણ છે. પ્રજા માં સામજીક રોગ કયાંથી ઉદભવ્યો તે ખ્યાલ નહતો. તે માહિતી મેળવાતી નહિ. સુધારક નાં હોયમાળાનાં કાવ્યો, પાઠ્યપુસ્તકો જોતાં શીખેલાં બાળકો નાતજાતનાં બંધનો કેમ તોડી શકે? નિડર બની ધૂમી શકે? પ્રવૃત્તિ બે માર્ગે ચાલેલી, ૧૮૫૦ પછી અનેક ઉતરાધિકારી ઓએ સમાજો, સંસ્થાઓ, કાયદાઓ ઘડી સસ્પૃશ્યતા, કન્યા કેળવણી,

સંમતિવય, જ્ઞાતિ સંમેલનો ભરી વૃધ્ધલગ્ન, બાળલગ્ન, નાતવરાં. કન્યાવિક્રય વગેરે અનાચારો બંધ કરવા કેળવણી વધારવા પ્રયત્નો કરેલા.

ખારા સુધારકોની સંખ્યા ઓછી રહી રક્ષક/છેદક જેવાં ભેદભાવો હતાં. છતાં જ્ઞાતિવિષયક પ્રવૃતિઓ દ્વારા એકંદરે સુધારા કાર્ય ખૂબજ આગળ વધેલું હતું. મણિલાલ, નરસિંહરાવ ગોવર્ધન રામ, મહિપતરામ, રમણભાઈ જેવાં પાછલા વ્યક્તિઓ દ્વારા સુધારકો નો વારસો જાળવી રખાયો. સ્ત્રીઓની ઉન્નતિ થતાં અનેક સ્ત્રીઓ અને સ્ત્રીવિષયક સંસ્થાઓએ તેમજ સ્ત્રીવિષયક સામયિકો, ચોપાનિયાઓ દ્વારા શિક્ષણ સંસ્થાઓ દ્વારા તેઓની સ્થિતિ તેજગતી એ સુધરી, અસ્પૃશ્યતા, દારૂવિષેધ વગેરે ક્ષેત્રે અંતે ગાંધીજીનાં અને ડો. આંબેડકરનાં પ્રયાસોથી આઝાદી મળી, જેમાં બહેનો જોડાઇ અને આજનું સ્વતંત્ર સુધારક ભારત સર્જાયું તે પૂરોગામી સુધારકોનાં ભગીરથ પ્રયાસો દ્વારા આરંભાયેલું સુધરા કાર્ય ગતિમાન બનતાં અનેક દુષ્ટ બાબતોથી મુક્ત સમાજ આજે જોઈ શકાય છે. જ્ઞાતિબંધનો આજની નવી પેઢીએ તોડ્યાં તે જોઈ શકાય છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## સંદર્ભ સૂચિ

(૧). ભોગીલાલ ગાંધી, ' ગુજરાત દર્શન' ૧૯૬૦, ચેતન પ્રકાશન અમદાવાદ પૃ ૨૬૨.

(૨). (સંપા) ધીરૂભાઈ ઠાકર, ઇન્દ્રવદન દવે, 'ગ્રંથ અને ગ્રંથકાર' પુસ્તક ૧૦મું ગુજરાત વિદ્યાસભા અમદાવાદ. પૃ. ૧૮.

(૩). લે. નવલરામ જગન્નાથ ત્રિવેદી, 'સમાજ સુધારાનું રેખાદર્શન' ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ ૧૯૭૪ પૃ. ૧૮

(૪). એજનં. પૃ. ૧૯.

(૫) ઇશ્વરલાલ ઇ. દેશાઇ, 'સૂરત સોનાની મૂરત', ૧૯૫૮, સુરત. જીવન ચરિત્ર વિભાગ પૃ. ૫૦.

(૬) મહિપતરામ નિલકંઠ, 'દુર્ગારામ ચરિત્ર' અમદાવાદ. ઇ.સ.૧૮૯૩ પૃ. ૧૦૩.

(૭). એજનં. પૃ. ૧૭.

(૮). નાથાલાલ કવિ, "કવિશ્વર દલપતરામ" અમદાવાદ. પૃ. ૧૨૪.

(૯). હિરાલાલ ત્રિ. પારીખ, "અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન" ગુજરાત વિદ્યાસભા અમદાવાદ. ૧૯૭૬ પૃ. ૩૨૪.

(૧૦). સંપા, અનંત કાક્બા પ્રિયોલકર "દાદોબા ચરિત્ર" મુંબઇ પૃ. ૨૪૯.

(૧૧). પૂર્વોક્ત, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન,' પૃ. ૩૩૨.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

(૧૨) પૂર્વોક્ત, 'કવિશ્વર દલપતરામ' ભાગ-૧ પૃ. ૯૧.

(૧૩). પૂર્વોક્ત, "સંસાર સુધારનું રેખાદર્શન' પૃ. ૯૨.

(૧૪). ડો. મધસુદન પારેખ, 'દલપતરામ' કુમકુમ પ્રકાશન ગુજારતી ગ્રંથકાર શ્રીણી-૨૧ અમદાવાદ, ૧૯૮૦, પૃ. ૩૧.

(૧૫). પૂર્વોક્ત, "સંસાર સુધારનું રેખાદર્શન' પૃ. ૧૭.

(૧૬). બુધ્ધિપ્રકાશ પુસ્તક-૩૮, અંક ૮ પૃ. ૧૮૬.

(૧૫) શ્લોકિત - સંસાર સુધારજી રેમાદર્શન' પૃ. ૧૭

(૧૬) जुह्धिनाश. पुस्त४-३८, १४८, ५.१८